647510 **ARTguAE101B-1C** **Seat No :________**

**B.R.S. Semester – 1 (NEP-2020) Examination**

**January-2024**

**GUJ: Gujarati Lekhan Kaushal Bhag-1 (AEC-1)**

**Time: 1:00 Hours** **Marks: 25**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નિબંધ એટલે શું ? નિબંધના સ્વરૂપ અને નિબંધનાં પ્રકારો વિષે ચર્ચા કરો. (૧૦)

અથવા

પ્રશ્ન-૧ નીચેના કાવ્યનું આસ્વાદલક્ષી વિવરણ કરો.

ફંફોસ્યું સૌ ફરીફરી અને હાથ લાગ્યુંય ખાસ્સું:
જૂનું ઝાડુ, ટૂથબ્રશ, વળી લક્સ સાબુની ગોટી,
બોખી શીશી, ટિનનું ડબલું, બાલદી ફૂખકાણી,
તૂટ્યાં ચશ્માં, ક્લિપ, બટન ને ટાંકણી, સોય-દોરો!
લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું, જે
મૂકી ઊંધું, સુપરત કરી, લારી કીધી વિદાય.

ઊભાં છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ,
જ્યાં વિતાવ્યો પ્રથમ દસકો મુગ્ધ દામ્પત્ય કેરો;
જ્યાં દેવોના પરમ વરશો પુત્ર પામ્યાં પનોતો
ને જ્યાંથી રે કઠણ હૃદયે અગ્નિને અંક સોંપ્યો!
કોલેથી જે નીકળી સહસા ઊઠતો બોલી જાણે:
‘બા-બાપુ! ના કશુંય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે?’

ખૂંચી તીણી સજલ દૃગમાં કાચ કેરી કણિકા!
ઉપાડેલા ડગ ઉપર શા લોહ કેરા મણીકા.

- બાલમુકુંદ દવે

પ્રશ્ન-૨ આપની કૉલેજમાં યોજાયેલ જિલ્લાકક્ષાના રાષ્ટ્રીયપર્વનો અહેવાલ લખો. (૧૦)

અથવા

પ્રશ્ન-૨ આપે આપની કૉલેજમાં એડમિશન લીધા બાદ તમારે મુખ્ય વિષય હિન્દીમાંથી ગુજરાતી કરવાનો છે. આ માટે આપનાં આચાર્યશ્રીને અરજી લખો.

પ્રશ્ન-3 નીચેનામાંથી કોઈ એક વિષે નોંધ લખો. (૦૫)

(૧) વિચાર વિસ્તાર કરો.

પવનમાંથી સમેટાયો અને ઝીણું બી થયો
બાદ કુંપળ, વૃક્ષ, ઠુંઠું ને પછી ખુરશી થયો.

- રમેશ પારેખ

(૨) નિબંધ લખો. : મારા પ્રિય સર્જક

****************************